અપીલ અરજી નં.૬૧૦ તા.૭–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ભારતીબેન જે. શાહ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(હાઈડ્રોલીક/ લીંબાયતઝોન/ સી.ઈ.સ્પે. સેલ)
ડીન અને ત.જાહેર માહિતી અધિકારી(સ્મીમેર)
પર્સોનલ ઓફિસર અને ત.જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
ઈ.ચા.કા.ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(વર્કશોપ)
ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને ત.જાહેર માહિતી અધિકારી(આરોગ્ય વિભાગ/વેકસીનેશન/વીબીડીસી/મસ્કતી ચેરીટેબલ હો.)
ઝોનલચીફ અને ત.જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)
ઈ.ચા. જંતુનાશક અધિકારી અને ત.મ.જાહેર માહિતી અધિકારી
ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ અને ત.જાહેર માહિતી અધિકારી(બગીચા ખાતુ)
ડે.કમિશ્નર અને ત.જાહેર માહિતી અધિકારી(સાયન્સ સેન્ટર)
ઈ.ચા.સ્ટોર સુપ્રિ. અને ત.જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સ્ટોર)
કાર્યપાલક ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)
ડે.કમિ.(ફા.) અને ત. જાહેર માહિતી અધિકારી (મભયો)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભારતીબેન જે. શાહની તા. ૨૧–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ પૈકી જેઓ એન્ટીકરપ્શનનાં કેસ હેઠળ ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ અધિકારી અને કર્મચારીઓની યાદી, કર્મચારી નં. સહિત આપો. વિ.મુદ્દા નં. (૧)થી (૪)ની માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૭–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૧૦/૨૦૧૧–૧૨

શ્રી ભારતીબેન જે. શાહની તા. ૨૧–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ પૈકી જેઓ એન્ટીકરપ્શનનાં કેસ હેઠળ ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ અધિકારી અને કર્મચારીઓની યાદી, કર્મચારી નં. સહિત આપો. વિ.મુદ્દા નં. (૧)થી (૪)ની માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે જે તે વિભાગ દ્વારા પુરી પાડવામાં આવેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૭–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગત સંદર્ભ પરિપત્રની નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૮૦ તા.૧૭–૨–૧૨ થી** સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(હાઈડ્રૂલીક/ લીંબાયતઝોન/સી.ઈ.સ્પે. સેલ), ડીન અને જાહેર માહિતી અધિકારી(સ્મીમેર), પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), ઈ.ચા.કા.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ), ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ /વેકસીનેશન/ વીબીડીસી / મસ્કતી ચેરીટેબલ હો.) ,ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) , ઈ.ચા. જંતુનાશક અધિકારી અને મ.જાહેર

માહિતી અધિકારી , ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી(બગીચા ખાતુ) ,ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(સાયન્સ સેન્ટર) , ઈ.ચા.સ્ટોર સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સ્ટોર), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મૂળ માંગેલ માહિતીની કોઈ વિગતો જણાવેલ ન હોઈ, તે રજૂ કરવા તથા જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર ફી ભરી માહિતી મેળવ્યા બાદ નારાજગી અંગે આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા તથા વિસંગત, અસંતોષકારક માહિતી માટે જાહેર માહિતી અધિકારી વાઈઝ મુદાવાર આધાર સહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ.

જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૪૬ તા.૨૪–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૭૪ તા.૨૨–૧૨–૧૧ થી સમય અવધિમાં પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/આ.નં.૩૨૨૨તા.૩–૧–૧૨ થી વિલંબથી મ. જાહેર માહિતી અધિકારી મધ્યાહન ભોજન યોજના, લીંબાયતઝોન, સેન્ટ્રલ સ્ટોર્સ, હાઈડ્રોલીક, નોર્થઝોન, આરોગ્ય વિભાગ, સી.ઈ.સ્પે.સેલ, યુસીડી, સેન્ટ્રલઝોન, ગાર્ડન વિભાગ, મસ્કતી ચેરીટેબલ હોસ્પિટલ, ઉધનાઝોન, ઓટો સ્ટોર (વર્કશોપ) સ્મીમેર , સાયન્સ સેન્ટર, અઠવાઝોન, વીબીડીસી, વેકસીનેશન બ્રાંચ,ને તબદીલ કરેલ પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૨૩ તા.૩–૧–૧૨ થી સમય અવધિમાં દસ્તાવજી ફી ભરવા પાઠવેલ પત્રની નકલ, અરજદારને સમય અવધિમાં આપેલી માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/૩૩૫૪ તા.૯–૧–૧૨ ના પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૧૮૪૫ તા.૨૭–૮–૧૦ ના પરિપત્રની નકલ, ફરજ મૌકુફી હેઠળ ૧ થી ૩૯ કર્મચારીઓની વિગતના પત્રકની નકલ અત્રે મળેલ છે.જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી પત્ર નં.એચઈડી/આ.નં.૩૮૨૩ તા.૨૭–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને સમય અવધિમાં આપેલ માહિતી અંગે પત્ર નં.એચઈડી/આ.નં.૩૩૭૯ તા.૧૭–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી પત્ર નં.સ્મીમેર/આ.નં. ૩૪૪૭ તા.૨૭–૨–૧૨ થી પૂરક વિગતોમાં મધ્યસ્થ મહેકમ થી તબદીલ કરેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અધિકારી/કર્મચારીના ફરજ મૌકુફી અંગેના કર્મચારીની યાદીની નકલ, ડીવીઝનલહેડ તા.૬–૭–૧૦ ની મીટીંગ અંગેના પરિપત્રની નકલ, અરજદારને સમય અવધિમાં આપેલી માહિતી અંગે પત્ર નં.સ્મીમેર/આ.નં.૩૮૦૪ તા.૧૩–૧–૧૧/૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર ન.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૬૧૫ તા. ૨૭–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને સમય અવધિમાં આપેલ માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૧૩૯ તા.૧૩–૧–૧૨ ના પત્રની નકલ, એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, અધિકારી/કર્મચારીના ફરજ મૌકુફીના કર્મચારીઓની યાદીની નકલ, મધ્યસ્થ મહેકમ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વેકશીનેશન તરફથી પત્ર નં.પીએચડી/વીએસસી/૮૬૯ તા.૨૯–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને મુદત બાદ આપેલ માહિતી અંગે પત્ર નં.પીએચડી/વીએસસી/૮૬૮ તા.૨૯–૨–૧૨ ના પત્રની નકલ, મધ્યસ્થ મહેકમ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, અધિકારી/કર્મચારીના ફરજ મૌકુફી અંગેના કર્મ.યાદીની નકલ , સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/ ૪૬૦૮ તા.૩૧–૩–૧૧ ના ફરજ મૌકુફીના કચેરી હુકમના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૮૪૫૫ તા.૧–૩–૧૨ ના પત્રથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મધ્યસ્થ મહેકમ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અધિકારી/કર્મચારીના ફરજ મૌકુફી અંગેના કર્મ. ની યાદીની નકલ,અરજદારને સમય અવધિમાં આપેલ માહિતી અંગે પત્રનં.એન.ઝેડ/ આ.નં.૭૨૦૨ તા.૧૯–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી જંતુનાશક અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/આઈઓ/આ.નં.૧૯૪૦ તા.૧–૩–૧૨ ના પત્રથી પૂરક વિગતોમાં મધ્યસ્થ મહેકમ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અધિકારી/કર્મચારીના ફરજ મૌકુફી અંગેના કર્મ. ની યાદીની નકલ,અરજદારને સમય અવધિ બાદ આપેલ માહિતી અંગે પત્ર નં.પીએચડી/ આઈઓ/ આ.નં.૧૭૦૧ તા.૨૦–૧–૧૨ ના પત્રની નકલ, પત્ર નં.જીએડી/ ઈએસટી/આ.નં.૩૩૫૮ તા.૩૧–૧૨–૧૧ ના ફરજ મૌકુફીનો કચેરી હુકમના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી પત્ર નં.વર્કશોપ/આ.નં.૧૧૦૭ તા.૨૭–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને સમય અવધિમાં આપેલ માહિતી અંગે પત્ર નં.ઓટો વર્કશોપ/આ.નં.૯૨૬ તા.૧૧–૧–૧૨ ના પત્રની નકલ, મધ્યસ્થ મહેકમ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અધિકારી/કર્મચારીના ફરજ મૌકુફી અંગેના કર્મ. ની યાદીની નકલ, પત્ર નં.ઓટો વર્કશોપ/આ.નં. ૧૦૧૭ તા.૧–૨–૧૨ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ, પત્ર નં.જીએડી/ ઈએસટી / ૬૧૫ તા.૫–૬–૧૧ ના ફરજ મૌકુફી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સાયન્સ સેન્ટર તરફથી પત્ર નં.સા.સે./આ.નં.૧૩૭૮ તા.૨૪–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.સે./આ.નં.૧૩૭૮ તા.૨૪–૨–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે.જાહેર માહિતી અધિકારી મસ્કતિ હોસ્પિટલ તરફથી પત્ર નં.એમસીએચ/આ.નં.૨૩૮૦ તા.૨૭–૨–૧૨ થી પૂરક વિગતોમાં મધ્યસ્થ મહેકમ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની

નકલ, મુળ અરજીની નકલ, અધિકારી/કર્મચારીના ફરજ મૌકુફી અંગેના કર્મ.ની યાદીની નકલ,અરજદારને સમય અવધિ બાદ આપેલ માહિતી અંગે પત્ર નં.એમ.સી.એચ/આ.નં.૨૧૫૩ તા.૨૦–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી પત્ર નં.પીપીજી/આ.નં.૯૪૦ તા.૩–૩–૧૨ ના પત્રથી પૂરક વિગતોમાં અરજદારને સમય અવધિમાં આપેલ માહિતી અંગે પત્ર નં.પીપીજી/આ.નં.૧૬૪૪ તા.૧૧–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૫૮૪ તા.૬–૩–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને સમય અવધિ બાદ આપેલ માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૨૫૩૮ તા.૨–૩–૧૨ ના પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૧૮૪૫ તા.૨૭–૮–૧૦ ના પરિપત્રની નકલ, મધ્યસ્થ મહેકમ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ અત્રે મળેલ છે.

જયારે અરજદાર તરફથી પૂરક વિગતોમાં તા.૩–૩–૧૨ ના પૂરક પત્રની નકલ, મુળ અરજીની નકલ, ચીફ કયુરેટર તરફથી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, કમિ.શ્રીઓ એકા./સીઆઈઆર/૭ તા.૨૨–૭–૧૦ ના પરીપત્રની નકલ , જીએડી/ઈએસટી/૧૮૪૫ તા.૨૭–૮–૧૦ ના પરીપત્રની નકલ, લીંબાયતઝોન તરફથી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, સી.ઈ. સ્પે. સેલ તરફથી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, સેન્ટ્રલઝોનમાં ભરેલ અરજી ફી ની તથા દસ્તાવેજ ફી ની રસીદો, મધ્યાહન ભોજન યોજના ધ્વારા નાણા ભરવા પાઠવેલ પત્રની નકલ, મ્યુ. વર્કશોપ તરફથી તા.૧૧–૧–૧૨ તથા તા.૧–૨–૧૨ આપેલ માહિતી અંગેના પત્રની નકલ, જીએડી/ઈએસટી/૬૧૫ કચેરી હુકમની નકલ, મધ્યસ્થ મહેકમના તબદીલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી આપેલ માહિતી અંગેના પત્રની નકલ જીએડી/૨૬૦૫ તા.૩–૧૦–૦૮ ની કચેરી હુકમની નકલ, સ્મીમેર રતરફથી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, મસ્કતિ તરફથી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, હાઈડ્રોલીક વિભાગ તરફથી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, કતારગામઝોન તરફથી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, ગાર્ડન તરફથી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, ફાઈલેરીયા મેલેરીયા તરફથી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, મધ્યસ્થ મહેકમ તરફથી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, ફરજ મૌકુફી હેઠળના કર્મ. ઓની યાદીની નકલ, સેન્ટ્રલ સ્ટોર્સ તરફથી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, ઉધનાઝોન તરફથી આપેલ માહિતી અગેના પત્રની નકલ, યુસીડી તરફથી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, અઠવાઝોન તરફથી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૧–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા ન.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૭૪ તા.૨૨–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જે મધ્યસ્થ મહેકમ તરફથી મુદ્દા નં.૨ અને ૪ માટે નં.જીએડી/ ઈએસટી/ આ.નં.૩૨૨૨તા.૩–૧–૧૨ થી મ. જાહેર માહિતી અધિકારી મધ્યાહન ભોજન યોજના, લીંબાયતઝોન, સેન્ટ્રલ સ્ટોર્સ, હાઈડ્રોલીક, નોર્થઝોન, આરોગ્ય વિભાગ, સી.ઈ.સ્પે.સેલ, યુસીડી, સેન્ટ્રલઝોન, ગાર્ડન વિભાગ, મસ્કતી ચેરીટેબલ હોસ્પિટલ, ઉધનાઝોન, ઓટો સ્ટોર (વર્કશોપ) સ્મીમેર, સાયન્સ સેન્ટર, અઠવાઝોન, વીબીડીસી, વેકસીનેશન બ્રાંચને તબદીલ કરવામાં આવેલ.

જેના અનુસંધાને અરજદારને મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૩૫૪ તા.૯–૧–૧૨ થી નિયત સમય અવધિમાં, જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી પત્ર નં.એચઈડી/આ.નં.૩૩૭૯ તા.૧૭–૧–૧૨ થી સમય અવધિમાં, જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી પત્ર નં.સ્મીમેર/આ.નં.૩૮૦૪ તા.૧૩–૧–૧૧ થી સમય અવધિમાં, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૧૧૩૯ તા.૧૩–૧–૧૨ થી સમય અવધિમાં, જાહેર માહિતી અધિકારી વેકશીનેશન તરફથી પત્ર નં.પીએચડી/વીએસસી/૮૬૮ તા.૨૯–૨–૧૨ થી સમય અવધિ બાદ જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્રનં.એન.ઝેડ/આ.નં.૭૨૦૨ તા.૧૯–૧–૧૨ થી સમય અવધિમાં, જાહેર માહિતી અધિકારી જંતુનાશક અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/આઈઓ/આ.નં.૧૭૦૧ તા.૨૦–૧–૧૨ થી સમય અવધિ બાદ જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી પત્ર નં.ઓટો વર્કશોપ/આ.નં.૯૨૬ તા.૧૧–૧–૧૨ થી સમય અવધિમાં, ઓટો વર્કશોપ/આ.નં.૧૦૧ ૭ તા.૧–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી તરફથી સાયન્સ સેન્ટર તરફથી સી.એ.આ નં. ૧૨૧૦ તા.૬–૧–૧ ૨ સમય અવધિમાં અને પત્ર નં.સા.સે./આ.નં.૧૩૭૮ તા.૨૪–૨–૧૨ થી ,જાહેર માહિતી અધિકારી મસ્કતી તરફથી નં.એમ.સી.એચ/આ.નં.૨૧૫૩ તા.૨૦–૧–૧૨ થી સમય અવધિ બાદ, , જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી પત્ર નં.પીપીજી/આ.નં.૧૬૪૪ તા.૧૧–૧–૧૨ થી સમય અવધિમાં , જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૫૩૮ તા.૨–૩–૧૨ થી સમય અવધિ બાદ,, જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૨૭૭ તા.૮–૨–૧૨ થી સમય અવધિ બાદ,, જાહેર માહિતી અધિકારી સી.ઈ. સ્પે. સેલ તરફથી પત્ર નં.સી.ઈ.સ્પે.સેલ/આ.નં.૮૮૪ તા.૬–૨–૧૨

સમય અવધિ બાદ, જાહેર માહિતી અધિકારી મધ્યાહન ભોજન યોજના તરફથી પત્ર નં.મભય/અમલ/આરટીઆઈ/આ.નં.૦૧ તા.૨૭–૧–૧૨ થી સમય અવધિ બાદ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ સ્ટોર્સ તરફથી પત્ર નં.સીએસ/ડબલ્યુએસી/૭૪૭ તા.૨૧–૧–૧૨ થી સમય અવધિ બાદ , જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/એસ્ટા/આ.નં.૨૦૫૬ તા.૧૮–૧–૧૨ થી સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી યુસીડી તરફથી પત્ર નં.યુસીડી/આ.નં.૯૮૧ તા.૨૪–૧–૧૨ થી તથા પીએચડી/પીઓ/૪૧ તા.૨૫–૧–૧૨ થી સમય અવધિ બાદ અરજદારને માહિતી આપવામાં આવેલ છે.

જે બાબતે અરજદારે અરજદારની અરજીના મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ પૈકી જેઓ એન્ટીકરપ્શનનાં કેસ હેઠળ ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ અધિકારી અને કર્મચારીઓની યાદી (કર્મચારી નં. સહિત ) આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી તા.૧–૧–૧૦ થી ૩૧–૧૨–૧૦ દરમ્યાન એસીબી ગુનો કેસ સબંધે ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવેલ અધિકારી/કર્મચારીઓની યાદી દર્શાવતું ક્રમાંક નં.૧ થી ૩૯ નું પત્રક અરજદારને પૂરું પાડવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી જંતુનાશક અધિકારી તરફથી ખાતામાં કોઈ પણ અધિકારી/કર્મચારી એન્ટી કરપ્શન કેસ હેઠળ ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી કતારગામઝોનમાંથી એન્ટ્રી કરપ્શનના કેસ હેઠળ ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવેલ અને હાલમાં હાઈડ્રોલીક વિભાગમાં ફરજ બજાવતાં જુની. ઈજનેરશ્રી ચંદ્રેશ એન. ગાંધી કર્મ નં૧૨૦૮૩ . તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી (૧) શ્રી પી.પી. ચૌહાણ કર્મ નં.૧૨૧૬૫ જુની. ઈજનેર (૨) શ્રી પ્રેમચંદ કે. ચૌહાણ ૩૪૬૪૯ પ્રાયમરી હેલ્થ વર્કર છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ સ્ટોર્સ તરફથી (૧) શ્રી હરીશકુમાર મનસુખલાલ બદામી કર્મનં.૫૨૫૪ બીજી શ્રેણી કલાર્ક (૨) શ્રી રમેશચંદ્ર એચ. પટેલ કર્મ નં.૬૩૩૨ બીજી શ્રેણી કલાર્ક (૩) શ્રી દીનુભાઈ પી. પટેલ કર્મ નં.૧૦૫૧૮ બીજી શ્રેણી કલાર્ક. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી (૧) શ્રી રણવિજય સિંહ રાજપુત (૨) શ્રી એ.એ. જરીવાલા કર્મ નં.૧૦૯૧૭ બીજી શ્રેણી કલાર્ક (૩) શ્રી સુનીલ એ. ખરોડીયા કર્મ નં.૧૯૪૯૩ પ્રા.હે. વર્કર (૪) શ્રી જીતેન્દ્ર ઠાકોરભાઈ ચૌધરી કર્મ નં.૩૨૦૨૬ એસ.એસ.આઈ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી (૧) શ્રી જતીનકુમાર એન. શાહ કર્મ નં.૬૪૯૪(૨) શ્રી ચીંદા પુના નીકુંબે કર્મ નં.૫૭૫૬ (૩) શ્રી ચંદ્રેશ એન. પાનવાલા કર્મ નં.૧૦૦૨૨ (૪) શ્રી જુવાનસિંહ બી. ગોહીલ કર્મ નં.૬૪૯૧ (૫) ડો. કલ્પેશભાઈ આઈ. ખત્રી કર્મ નં.૧૩૮૦૩ (૬) શ્રી આઈ.પી.દેસાઈ કર્મ નં.૧૨૩૦૬ (૭) શ્રી ભાવિનક માર ડી. શાહ કર્મ નં.૩૫૦૭૯ તેવા પ્ર શ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વેકશીનેશન તરફથી આરોગ્ય ખાતાના વેકસીનેશન બ્રાચંના સીની. કલાર્ક સંજય બી. દેસાઈએ અગાઉ નોર્થઝોનમાં એન્ટ્રી કરપ્શન ના કેસ હેઠળ ફરજ મૌકુફી હેઠળ તા.૧૦–૨–૧૦ ના રોજ મુકવામાં આવેલ હતાં. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી (૧) શ્રી રમેશભાઈ દાનજીભાઈ રાઠોડ કર્મ નં.૧૦૫૩૩ બીજી શ્રેણી કલાર્ક(૨) શ્રી પ્રવિણભાઈ બી. પ્રજાપતિ કર્મ નં.૧૧૦૪૭ તા.ત્રીજી શ્રેણી કલાર્ક (૩) શ્રી અનિલકુમાર એલ તાડીવાલા કર્મ નં. ૬૩૧૮ બીજી શ્રેણી કલાર્ક (૪) શ્રી ભરત એચ. ભટ્ટ કર્મ નં.૧૦૮–૧ ૩ બીજી શ્રેણી કલાર્ક, (૫) શ્રી શ્યામકુમાર બાલુભાઈ પટેલ કર્મ નં.૧૨૪૭૫ ત્રીજી શ્રેણી કલાર્ક (૬) શ્રી આઈ . આઈ. ટેલર કર્મ નં.૧૧૬૩૧ સેનટરી ઈન્સ્પેકટર તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સી.ઈ.સ્પે.સેલ તરફથી સુમપાના સીટી ઈજનેર સ્પે. સેલમાં હાલમાં ફરજ બજાવતા આસી. ઈજનેર શ્રી પી.આર. સિંઘ કર્મ નં.૧૧ ૮૫૨ ને વરાછાઝોનમાં ફરજ બજાવતાં હતા તે દરમ્યાન એન્ટી કરપ્શનના કેસ હેઠળ તા.૧૫–૪–૦૩ થી ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી યુસીડી તરફથી શ્રી પી.એલ. રીક્ષાવાલા (કર્મ નં.૧૦૬૪૧) એન્ટી કરપ્શન હેઠળ ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવેલ. તેવું જણાવેલ છે.

મુદ્દાનં.(૨) અનુ નં.૧ માં જણાવેલ પૈકી ફરજ પર પુનઃ સ્થાપિત કર્યા બાદ ઈજાફા છોડવામાં આવેલ અધિકારી/કર્મચારીઓની યાદી (કર્મ. નંબર સહિત) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આ.નં.૩૨૨૨ તા.૩–૧–૧૨ થી અરજી લાગત ઝોન/ખાતાઓને અરજી તબદીલ કરવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી જંતુનાશક અધિકારી તરફથી ખાતાને લાગુ પડતું નથી. જાહેર માહિતી અધિકારી મસ્કતિ તરફથી સુમપામાં ફરજ બજાવતાં અધિકારી/કર્મચારીઓ પૈકી જેઓ એન્ટી કર પ્શનના કેસ હેઠળ ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવેલ અને ફરજ પર પુનઃ સ્થાપિત કર્યા બાદ ઈજાફા છોડવામાં આવેલ અધિકારી/કર્મચારીઓની બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી સદર કર્મચારીના ઈજાફા છોડવામાં આવેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી શ્રી ભોળાભાઈ એ. પટેલ (કર્મ નં.૧૧૦૭૮ ) ત્રીજી શ્રેણી કલાર્ક. તેવું જણાવેલ છે.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સાયન્સ સેન્ટર તરફથી સાયન્સ સેન્ટર સુરત ખાતે ફરજ બજાવતાં કર્મચારી શ્રી કે.આર. પટેલ (કર્મ નં.૧૦ ૪૧૬) ના ઈજાફા છોડવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી મ્યુ. વર્કશોપ ખાતે સી. કલાર્ક શ્રી ઘનશ્યામ એમ. પટેલ (કર્મ નં.૫૦૬૭) ના ફરજ પર પુનઃ

સ્થાપિત કર્યા બાદ ઈજાફા છોડવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી ફરજ મૌકુફી હેઠળ પુનઃ સ્થાપિત કર્યા બાદ કોઈ પણ કર્મચારીના ઈજાફા છોડવામાં આવેલ ન હોઈ માહિતી નીલ છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અરજીમાં જણાવ્યા મુજબ મે. કમિ.શ્રીના પરિપત્ર ંન.જીએડી/ઈએસટી/ આ.નં.૧૮૪૫ તા.૨૭–૮–૧૦ મુજબ શ્રી પી.પી. ચૌહાણનો ઈજાફો છોડવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય મહેકમ તરફથી (૧ ) સીની કલાર્ક. શ્રી જગદીશબી.પટેલ ને જકાત ખાતાની ફરજ દરમ્યાન એન્ટી કરપ્શનના કેસ હેઠળ તા.૨૦–૩–૦૪ થી ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવેલ હતાં. તેઓને કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૩૪૯ તા.૧–૫–૦૬ મુજબ ફરજમાં પુનઃ સ્થાપિત કરવામાં આવેલ છે . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ સ્ટોર્સ તરફથી (૧) શ્રી હરીશકુમાર મનસુખલાલ બદામી કર્મનં.૫૨૫૪ બીજી શ્રેણી કલાર્ક (૨) શ્રી રમેશચંદ્ર એચ. પટેલ કર્મ નં.૬૩૩૨ બીજી શ્રેણી કલાર્ક (૩) શ્રી દીનુભાઈ પી. પટેલ કર્મ નં.૧૦૫૧૮ બીજી શ્રેણી કલાર્ક . તેવું જણાવેલ છે.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અ.નં.૧ થી ૩ ના કર્મચારી બાબતે જેમાં ખાતાકીય તપાસની કાર્યવાહીમાં આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી તેમને ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવ્યા તે સમયે જે પગાર ધોરણમાં પગાર મેળવતા હતા તે જ પગાર ધોરણ ચૂકવવામાં આવે છે. અનુ નં.૪ બાબતે તા.૮–૮–૧૧ ની અસરથી હાલ ફરજ મૌકુફી હેઠળ હોવાથી ઈજાફા આપવાનો પ્રશ્ન રહેતો નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અનુ નં.૧ માં જણાવેલ અનુ. નં.૧ થી ૬ કર્મચારીઓને પુનઃ સ્થાપિત કર્યા બાદ ઈજાફા છોડવામાં આવેલ નથી. જયારે અ.નં.૭ માં કર્મચારીને પુનઃ સ્થાપિત કરેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ગાર્ડન તરફથી મુદ્દા નં.૨ બાબતે કચેરીમાં ફરજ બજાવતા કર્મ.શ્રી રાજેશભાઈ હરીનારાયણ ગુર્જર કર્મ નં.૧૨૨૮૭ ફરજ મૌકુફી હેઠળ મુકાયા બાદ કોઈ ઈજાફા છોડવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી મસ્કતી તરફથી મુદ્દા નં.૨ બાબતે માંગવામાં આવેલ માહિતી પ્રમાણેની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી (૧) શ્રી રમેશભાઈ દાનજીભાઈ રાઠોડ કર્મ નં.૧૦૫૩૩ બીજી શ્રેણી કલાર્ક(૨) શ્રી પ્રવિણભાઈ બી. પ્રજાપતિ કર્મ નં.૧૧૦૪૭ ત્રીજી શ્રેણી કલાર્ક તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સી.ઈ.સ્પે.સેલ તરફથી શ્રી પી.આર.સિંધ નં.૧૧૮૫૨ ને ફરજ પર પુનઃ સ્થાપિત કર્યા બાદ ઈજાફા છોડવા માટે તેમની સર્વીસબુક તથા મંજુરીના પેપર્સ ઓડીટ ખાતામાં પોસ્ટ ઓડીટ માટે મોકલવામાં આવેલ છે જે આજ દિન સુધી પરત આવેલ ન હોઈ કોઈ ઈજાફા છોડવામાં આવેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી યુસીડી તરફથી શ્રી પી.એલ. રીક્ષાવાલા (કર્મ નં.૧૦૬૪૧) ને ફરજ પર પુનઃ સ્થાપિત કર્યા બાદ ઈજાફા છોડવામાં આવેલ છે.

મુદ્દા નં.(૩) જે તે અધિકારી/કર્મચારીના ઈજાફા છોડી દેવામાં આવેલ છે તેઓને જે તે ઠરાવ /પરિપત્ર હેઠળ ઈજાફા છોડવામાં આવે છે તેની નકલ પૂરી પાડવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી સુમપામાં ફરજ બજાવતાં કર્મચારીઓ સામે પોલીસ ગુનો/એસીબીનો ગુનો દાખલ થતા જોગવાઈ અનુસાર ફરજ મૌકુફી હેઠળ મુકયા બાદ ફરી નોકરીમાં પુનઃ સ્થાપિત કરાતા આવા કર્મચારીઓને ઈજાફો આપવા બાબતના મ્યુ. કમિ.શ્રીના પરિપત્ર નં.જીએડી/ઈએસટી/૧૮૪૫ તા.૨૭–૮–૧૦ થી નકલ અરજદારને આપવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી જંતુનાશક અધિકારી તરફથી ખાતાને લાગુ પડતું નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી પરિપત્રના એક પાનાના રૂા.૨/– ભરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અરજીમાં જણાવેલ માંગ્યા મુજબની નકલ (પાના નંગ–૧) ના નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૨/– (શબ્દોમાં કુલ બે રૂપિયા પૂરા) અઠવાઝોન કચેરીના ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી તમો મેળવી શકશો. તેવું જણાવેલ છે. (૧) મે. કમિ.શ્રીના પરિપત્ર નં.જીએડી/ઈએસટી/૧૯૩૬ તા.૧૫–૫–૮૨ (૨) ગુજરાત સરકાર સા. વહીવટી વિભાગ ક્રમાંક સીડીઆર/૧ ૪૨૦૦૯/૯૨/ત.એ. સચિવાલય, ગાંધીનગર કમિ.શ્રીના પરિપત્ર નં.જીએડી/ઈએસટી/૧૮૪૫ તા.૨૭–૮–૧૦ આધારે જે તે કર્મચારીઓના માંગેલ માહિતીના અનુક્રમ નં.૨ ના નિર્દિષ્ટ કર્મચારીઓના ઈજાફા છોડવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૨ માં જણાવેલ વિગત મુજબ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક/ ૧૭૭૪ તા.૨૨–૧૨–૧૧ થી પી.ઓ. મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સદર કર્મચારીઓના ઈજાફા છોડવાના પરીપત્રની નકલના પાના નંગ–૨ ના રૂા.૪/– ભરી મેળવી શકાશે. તેવું જણાવેલ છે.

મુદ્દા નં.(૪) જે તે અધિકારી/કર્મચારીઓના નામ ઉપર અનુ નં.(૨) માં સામેલ નથી તેઓને ઈજાફા છોડવામાં આવેલ નથી તો તે બાબતનો ઠરાવ /પરિપત્રની નકલ પૂરી પાડવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી મુદ્દા નં.૨ માં જણાવેલ લાગત ઝોન/ ખાતાને તબદીલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી જંતુનાશક અધિકારી તરફથી સેન્ટ્રલઝોનમાં એન્ટી કરપ્શન કેસ હેઠળ

ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવેલા અને વિભાગમાં પુનઃ સ્થાપિત થયેલા સેનેટરી ઈન્સ્પેકટર શ્રી સુનિલ બી. કુલકર્ણી કર્મ નં.૧૧૩૨૫ ના ઈજાફા છોડવામાં આવેલ નથી મજકુર કર્મચારીના સબંધિત કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૩૩૫૮ તા. ૩૧–૧૨–૧૦ માં જણાવ્યા મુજબ ઈજાફા છોડવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી જંતુનાશક અધિકારી તરફથી રેકર્ડ ઉપલબ્ધ માહિતી આપવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી સ્મીમેરની માહિતી નીલ છે. તેવું જણાવેલ છે.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સાયન્સ સેન્ટર તરફથી જીએડી/ઈએસટી/૨૬૦૫ તા.૩–૧૦–૦૮ માં જણાવ્યા મુજબ આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી તેઓને ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવ્યા તે સમયે જે પગાર ધોરણ મેળવતા હતા તે જ પગાર ધોરણમાં પગાર ચૂકવવાનો રહેશે એવો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. એકા.સી..આર આર/૭ તા.૧૬–૨૨–૭–૧૦ તથા જીએડી/ઈએસટી/૧૮૪૫ તા.૨૭–૮–૧૦ માં જણાવ્યા મુજબની ઈજાફા છોડવા માટેની કાર્યવાહી કરતાં ઓડીટ ઓબ્જેશન આવેલ. ઓડીટ ઓબ્જેશનનો નિકાલ કરવા માટે તથા આપવા જોગ ઈજાફા અંગેની કાર્યવાહી ચાલી રહી છે તેમજ તે સંદર્ભેના પરિપત્ર સામેલછે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી મ્યુ. વર્કશોપ ખાતે સીની કલાર્ક શ્રી દિલીપકુમાર એચ. પ્રેસવાલા (કર્મ નં.૪૫૯૭) પીપીઓ નં.૭૯૭૫ મે. ડે.કમિ.શ્રી (પઅનેઈ) ના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/ ૧ ૮૮૧ તા.૧૨–૮–૦૮ મુજબ તા. ૨૮–૨–૦૯ ના રોજ ઓફિસર સમય બાદ નિવૃત થયેલ હોય જેઓનું મ્યુ. કમિ.શ્રીના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૬૧૫ તા. ૫–૬–૦૯ અનુસાર તા.૧–૩–૦૯ થી ૧૦૦% કામ ચલાઉ પેન્શન નકકી કરવામાં આવેલ છે. જે અંગેના હુકમની નકલ અંગે (કુલ પેઈજ સંખ્યા–૦૧) રૂા.૨/– (બે) પ્રતિ નકલ ભર્યેથી મ્યુ. વર્કશોપ ખાતેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે હુકમની નકલ અંગે રસીદ નં.૧૧૯૬૭૦ તા.૧૮–૧–૧૨ ના રોજ રૂા.૨/– જમા કરાવેલ ઉકત હુકમની નકલ અરજદારને ઓટો વર્કશોપ /આ.નં.૧૦૧૭ તા.૧–૨–૧૨ ના રોજ મોકલવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી સદરહુ વિગત મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા તેમને પૂરી પાડવામાં આવશે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અરજીમાં જણાવ્યા મુજબ મજકુર કર્મચારીશ્રી પ્રેમચંદ કે. ચૌહાણનો ઈજાફો તા.૧–૧–૧૨ ના રોજ આપવા પાત્ર હોય પરંતુ ઓડિટ વિભાગમાં અઠવાઝોન વિભાગની ઈજાફા અંગેની ઓડિટની કામગીરી જુલાઈ –૧૧ માં પૂર્ણ થયેલ હોય જયારે ઓડિટ વિભાગ ધ્વારા અઠવાઝોનની કામગીરી શરૂ કરવામાં આવશે. ત્યાર બાદ ઈજાફા છોડવાની કામગીરી હાથ ધરવામાં આવશે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય મહેકમ તરફથી આરોગ્ય ખાતા હસ્તકના પાંડેસરા અ.હે.સે. અને મેટ. હોમમાં ફરજ બજાવતા સીની કલાર્ક. શ્રી જગદીશ બી.પટેલને જકાત ખાતાની ફરજ દરમ્યાન એન્ટી કરપ્શનના કેસ હેઠળ તા.૨૦–૩–૦૪ થી ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવેલ હતાં. તેઓને કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૩૪૯ તા.૧–૫–૦૬ મુજબ ફરજમાં પુનઃ સ્થાપિત કરવામાં આવેલ છે તેઓને ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવ્યા તે સમયે જે પગાર ધોરણમાં પગાર ચૂકવવા હુકમ થયેલ છે આથી તેઓના ઈન્ક્રીમેન્ટ છોડવામાં આવેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી (૧) સીની કલાર્ક. શ્રી જગદીશબી.પટેલ ને જકાત ખાતાની ફરજ દરમ્યાન એન્ટી કરપ્શનના કેસ હેઠળ તા.૨૦–૩–૦૪ થી ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવેલ હતાં. તેઓને કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૩૪૯ તા.૧–૫–૦૬ મુજબ ફરજમાં પુનઃ સ્થાપિત કરવામાં આવેલ છે (૨)નવાગામ ડીંડોલી અ.હે.સે.માં ફરજ બજાવતાં સીની કલાર્ક શ્રી ચીમનલાલ એમ. મૈસુરીયાને સેન્ટ્રલઝોન એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગની ફરજ દરમ્યાન એન્ટી કરપ્શનના કેસ હેઠળ તા.૧–૫–૦૯ થી ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવેલ હતાં. તેઓને કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૩૩૫૮ તા.૩૧–૧૨–૧૦ મુજબ ફરજમાં પુનઃ સ્થાપિત કરવામાં આવેલ છે. તેઓને ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવ્યા તે સમયે જે પગાર ધોરણમાં પગાર મેળવતા હતાં તે જ પગાર ધોરણમાં પગાર ચૂકવવા હુકમ થયેલ છે. આથી તેઓના ઈન્ક્રીમેન્ટ છોડવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ સ્ટોર્સ તરફથી અનુક્રમ નં.૩ માં ક્રમાંક–૧ પરિપત્ર અન્વયે બીપીએમસી એકટની કલમ–૫૬(૨) હેઠળ હુકમ કર્યા હોય તે સિવાયના કર્મચારીઓને ઈજાફા આપવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી જીસીએસઆર/બીસીએસઆર ની જોગવાઈઓ અનુસાર ફરજ મૌકુફી હેઠળના કર્મચારીઓની સામે ખાતાકીય તપાસ અંગે અંતિમ નિર્ણય થયેલ ન હોય ઈજાફા છોડવામાં આવેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી મ્યુ. કમિ.શ્રીના પરિપત્ર નં.જીએડી/ ઈએસટી/ ૧૮૪૫ તા.૨૭–૮–૧૦ ના અનુ નં.૩ મુજબ મધ્યસ્થ મહેકમ વિભાગમાંથી સદર કર્મચારીને પુનઃ સ્થાપિત ફરજ ઉપર હાજર થાય તે તારીખ સુધીના સમયગાળા બાબતે કચેરી હુકમ થયેલ ન હોવાને કારણે ઈજાફા છોડવાની કાર્યવાહી થઈ શકેલ નથી. સદર પરીપત્રની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મસ્કતી તરફથી રેકર્ડ ઉપલબ્ધ માહિતી આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યાહન ભોજન યોજના તરફથી અરજદારને માહિતી મેળવવા પત્ર નં.મભય/અમલ/આરટીઆઈ/રજી./નં.૧ /૧૨ તા.૨૭–૧–૧૨ થી નાણા ભરવા માટેનો પત્ર પાઠવવામાં આવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી જાહેર માહિતી અધિકારી વેકશીનેશન તરફથી ડે.કમિ.(પઅનેઈ) ના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૪૬૦૮ તા.૩૧–૩–૧૧ મુજબ તેઓને વેકશીનેશન બ્રાંચમાં

પુનઃ સ્થાપિત કરવામાં આવ્યા છે તથા ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવ્યા તે સમયે જે પગાર ધોરણમાં પગાર મેળવતા હતાં તે જ પગાર ધોરણમાં પગાર ચૂકવવા હુકમ થયેલ છે આથી તેઓને ઈન્ક્રીમેન્ટ છોડવામાં આવેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી ( ૩) શ્રી અનિલકુમાર એલ તાડીવાલા કર્મ નં. ૬૩૧૮ બીજી શ્રેણી કલાર્ક (૪) શ્રી ભરત એચ. ભટ્ટ કર્મ નં.૧૦૮–૧૩ બીજી શ્રેણી કલાર્ક, (૫) શ્રી શ્યામકુમાર બાલુભાઈ પટેલ કર્મ નં.૧૨૪૭૫ ત્રીજી શ્રેણી કલાર્ક (૬) શ્રી આઈ . આઈ. ટેલર કર્મ નં.૧૧૬૩૧ સેનટરી ઈન્સ્પેકટર.

જે અંગે અરજદારે લીંબાયતઝોન, સેન્ટ્રલઝોન, સી.ઈ.સ્પે.સેલ અને વેકસીનેશન બ્રાચ તરફથી કોઈ પ્રત્યુત્તર મળેલ નથી તથા મળેલ પ્રતયુત્તર બાબતે નારાજગી વ્યકત કરી તા.૭–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે.

જેમાં અરજદારે અપીલના મુદ્દા નં.૧ માં લીંબાયતઝોન, સેન્ટ્રલઝોન, સી.ઈ.સ્પે.સેલ અને વેકસીનેશન બ્રાચ તરફથી કોઈ માહિતી નહીં મળ્યા બાબતે અનુક્રમે લીંબાયતઝોન તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૭૭ તા.૮–૨–૧૨ થી નિયત સમય અવધિ બાદ જયારે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૫૩૮ તા.૨–૩–૧૨ થી સમય અવધિ બાદ , સીટી ઈજનેર સી.ઈ. સ્પે. સેલ તરફથી પત્ર નં.સી.ઈ. સ્પે સેલ/૮૮૪ તા.૬–૨–૧૨ થી સમય અવધિ બાદ તથા વેકસીનેશ બ્રાંચ તરફથી પત્ર નં.પીએચડી/વીએસસી/૮૬૮ તા.૨૯–૨–૧૨ થી સમય અવધિ બાદ માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારે અપીલના મુદ્દા નં.૨ માં મ.ભ.યો. તરફથી પત્ર નં.મભય/અમલ/આરટીઆઈ/રજી.૧/૨૦૧૨/૫૪૧ તા.૨૭–૧–૧૨ થી માહિતી દર્શાવેલ નથી પરંતુ ફકત રૂા.૨/– ભરવા જણાવેલ છે. અને માહિતી નીલ પણ દર્શાવવી જરૂરી છે તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને નાણા ભરવા પાઠવતો પત્ર નિયત સમય અવધિ બાદ પાઠવેલ હોઈ જે આરટીઆઈ એકટની કલમ–૭(૧) સાથે ૭(૩) અને નિયમ–૫ અને ૭(૬) સાથે સુસંગત ન હોઈ અરજદારને વિના મૂલ્યે માહિતી પૂરી પાડવાની થાય.

અપીલના મુદ્દા નં.(૩) ડીન અને જાહેર માહિતી અધિકારીશ્રીના પત્ર નં.૩૮૦૪ તા.૨૦–૧–૧૨ થી પરિપત્ર નં.એકા./સીઆઈઆર/૭ તા.૧૬–૨૨/૭–૧૦ અલગથી મોકલેલ છે. તા.૧૩–૧–૧૧ ના પત્ર નં.૩૮૦૪ થી મુદ્દા નં. ૪ માં " નીલ" દર્શાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે અરજદારે પૂરક વિગતોમાં પત્ર નં.સ્મીમેર/૩૮૦૪ તા.૧૩–૧–૧૧ થી અરજદારને તબદીલ થયેલ મુદ્દા નં.૨ થી ૪ નો મુદ્દાવાઈઝ જવાબ પાઠવવામાં આવેલ હતા જે અંગે અપીલ અરજીના મુદ્દા નં.૪ કે જે અંગેના પ્રત્યુત્તરમાં સ્મીમેરની માહિતી નીલ છે એમ જણાવેલ હકીકતમાં દફતરી રેકર્ડની ચકાસણી કરતાં મુદ્દા નં.૨ માં જણાવેલ કર્મ શ્રી. ભોળાભાઈ એ. પટેલ જુની કલાર્ક કર્મ નં.૧૧૦૭૮ સિવાય સમાન કિસ્સાના અન્ય કોઈ કર્મચારી/અધિકારીના ઈજાફા રીલીઝ કરવાના બાકી ન હોય અને આ અંગે માહિતી આપવાની થતી ન હોવાથી માહિતી નીલ ગણવાનું જણાવેલ છે. મુદ્દા નં.૩ બાબતે પરિપત્રની નકલ અંગે ફી ભરી નકલ મેળવવા જણાવેલ અને તે મુજબ અરજદારે રસીદ નં.૧૧૯૬૭૧ તા.૧૮–૧–૧૨ થી રૂા.૨/– વસુલ લઈ માંગ્યા મુજબના પરિપત્રની પ્રમાણિત નકલ તા.૨૪–૧–૧૨ ના રોજ પૂરી પાડવામાં આવેલ છે.

અપીલના મુદ્દા નં.(૪) મ. જાહેર માહિતી અધિકારીશ્રી યુસીડી વિભાગના પત્ર નં.૯૮૧ તા.૨૪–૧–૧૨ થી મળેલ માહિતીમાં પરિપત્રનો ઉલ્લેખ નથી તેમજ નકલ આપવા બાબત સ્પષ્ટતા કરવામાં આવી નથી. તેવા પ્રશ્ન બાબતે સુમપામાં પરિપત્ર બાબતે બીજા બધા વિભાગો અને જાહેર માહિતી અધિકારી તરફથી પરિપત્ર પૂરા પાડવામાં આવેલ હોય દરેક જાહેર માહિતી અધિકારીએ પરિપત્રની સરખી વિગતની માહિતી મળી ગયેલ હોવાનું અનુમાનિત થાય કારણકે આખરે સુમનપા એક સત્તા મંડળ હોય નીતિ વિષયક એક રૂપના હોવાની બાબત સ્વીકૃત છે જેથી તે અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહે નહી.

અપીલના મુદ્દા નં.૫ મ. જાહેર માહિતી અધિકારી અને ચીફ કયુરેટર ના પત્ર નં.૧૨૧૦ તા.૬–૧–૧૨ થી ઈજાફા છોડવા બાબતે મે. મ્યુ. કમિ.શ્રીનો પરીપત્ર તા.૧૬–૨૨/૭–૧૦ અથવા તા.૨૭–૮–૧૦ બાબત સ્પષ્ટતા કરેલ નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં પત્ર નં.સા..સે./આ.નં.૧૩૭૮ તા.૨૪–૨–૧૨ થી વધારાની પૂર્ણ અંશતઃ માહિતી પૂરક વિગતોથી પૂરી પાડેલ છે.

અપીલના મુદ્દા નં.૬ જાહેર માહિતી અધિકારીઅને એડી.સીટી ઈજનેર શ્રી કતારગામઝોનના પત્ર નં.૭૨૦૨ તા.૧૯–૧–૧૨ ના પત્રથી મુદ્દા ન.૨ માં નીલ દર્શાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર (મહેકમ) ના પત્ર નં.૩૩૫૪ તા.૯–૧–૧૨ ના પત્ર સાથે મળેલ પત્રકમાં અ.નં.૧૮ થી શ્રી જયદિપસિંહ એમ. ચૌહાણ કાર્યપાલક ઈજનેરશ્રીની વિગત દર્શાવેલ છે. જેની જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી ઈજાફા બાબતે માહિતી પૂરી પડાયેલ જણાતી નથી જે પૂરી પાડવા જોગ થાય.

અપીલના મુદ્દા નં.૭ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રીના પત્ર નં.૩૩૭૯ તા.૧૭–૧–૧૨ થી મળેલ પત્રમાં પરિપત્ર બાબત સ્પષ્ટતા થયેલ નથી. જે માહિતી હાઈડ્રોલીક વિભાગની છે જેમાં જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં સદર કર્મચારીઓને આપવા જોગ ઈજાફાની કાર્યવાહી ચાલુ હોઈ વધુ કોઈ પૂરક માહિતી આપવાની રહેતી નથી તેવું જણાવેલ છે. પરિપત્ર મનપામાં દરેક ખાતા/ઝોન બાબતે એક જ વિગતની નકલ હોઈ અરજદારને કોઈ પણ એક જાહેર માહિતી અધિકારી તરફથી તેવી વિગતની નકલ મળેલ હોવાથી તે બાબતે માહિતી મળેલ ગણાય. આથી તે બાબતે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી.

અપીલના મુદ્દા નં. નં.૮ સીની. સ્થાનિક વૈ. અમલદારશ્રીના પત્ર નં.૨૧૫૩ તા.૨૦–૧–૧૨ થી મુદ્દા નં.૧,૨ અને ૪ અંગે સંતોષકારક જવાબ જણાતો નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં મુદ્દા નં.૨ અને ૪ થી જે માહિતી આપેલ છે તેમાં પુનઃ સ્થાપિત કર્મ. ના નામ અને હોદ્દાની માહિતી તેમજ તેમની ઈન્ક્રીમેન્ટ બાબતેની કોઈ માહિતી અરજદારને પૂરી પડાયેલ ન હોય જે પૂરી પાડવાની રહે.

અપીલના મુદ્દા નં.૯ જંતુનાશક અધિકારી અને મ. જાહેર માહિતી અધિકારીના પત્ર નં.૧૭૦૧ તા.૨૦–૧–૧૨ માં વિગતો આપવામાં આવેલ નથી જયારે જાહેર માહિતી અધિકારીશ્રી અને પર્સોનલ ઓફિસરશ્રીના પત્ર નં.૩૩૫૪ તા.૯–૧–૧૨ ના પત્ર સાથે મળેલ પત્રકમાં મળેલ વિગતો સુસંગત થતી નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોના પૂરી પાડેલ વિગતો જોતાં ફાઈલેરીયા/મેલેરીયા વિભાગ તરફથી કોઈ કર્મ. ફરજ મૌકુફી હેઠળ ન હોવાનું જણાવેલ છે તેથી મુદ્દા નં.૨ અને ૩ લાગુ પડે નહીં. જયારે મુદ્દા નં.૪ માં તેમના ખાતામાં પુનઃ સ્થાપિત થયેલ કર્મ.ની વિગત આપવામાં આવેલ છે. અરજદારે મહેકમ વિભાગની એસીબી ગુનાના કેસ સંબધે ફરજ મૌકુફી હેઠળ મુકવામાં આવેલ પત્ર નં.૩૩૫૪ સાથે સુસંગત નથીતેવી રજૂઆત કરેલ છે જે અંગે મૂલ્યાંકન કરતાં સસ્પેન્શન દરમ્યાન ખાતામાં ફાઈલેરીયા/મેલેરીયાના કોઈ કર્મ.ની વિગત નથી જયારે હાલના ખાતામાં જણાવેલ લીસ્ટના એન્ટ્રી નં.૩૬ માં શ્રી દિનેશભાઈ બી. કહાર કર્મ નં.૧૯૪૧૯ પ્રાયમરી હે.વર્કર ઉધનાઝોન ફાઈલેરીયા/મેલેરીયા વિભાગ જણાવેલ છે જે ઉધનાઝોન સબંધિત જણાવેલ છે આથી તે ફાઈલેરીયા/મેલીરીયાના મુખ્ય વિભાગને સ્પર્શતો નથી. જેથી તે અંગેની માહિતી ઉધનાઝોનના જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૭–૨–૧૨ ધ્યાને લેતાં ૨૯–૦૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૫–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૧૨–૧૧ થી માંગવામાં આવેલ માહિતી પૈકી મધ્યાહન ભોજન તરફથી અરજદારની અપીલના મુદ્દા નં.૨ માં કરેલ રજૂઆત મુજબ જાહેર માહિતી અધિકારીએ ફકત રૂા.૨/– નાણા ભરવા નો પત્ર સમય અવધિ બાદ પાઠવેલ છે અને અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. આથી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને માહિતી પૂરી પાડવા ડે.કમિ.(ફા.) અને ત.જાહેર માહિતી અધિકારી (મભયો) ને જણાવવામાં આવે છે.

અપીલના મુદ્દા નં.૬ માં કાર્યપાલક ઈજનેર કતારગામઝોનની અરજીમાં જણાવેલ વિગતે નહીં પૂરી પડાયેલ માહિતી તથા અપીલના મુદ્દા નં.૮ માં મસ્કતી હોસ્પિટલમાં એસીબી હેઠળ ફરજ મૌકુફી હેઠળના કર્મચારીઓ તથા પુનઃ સ્થાપિત થયેલ કર્મ. ઓને અને તેમના ઈજાફા આપવામાં આવેલ છે કે નહીં તેની કાર્યવાહીની નહીં પૂરી પડાયેલ માહિતી , અરજદારના મુદ્દા નં.૯ ના ઉધનાઝોનના કર્મચારી શ્રી દિનેશ બી. કહાર કર્મ નં.૧૯૪૧૯ પ્રા. હેલ્થ વર્કર ફાઈલેરીયા/મેલેરીયા વિભાગની નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે

અત્રેની જાણ હેઠળ  અરજદારને પૂરી પાડવા અનુક્રમે એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન, આરોગ્ય અધિકારી અને ત. જાહેર માહિતી અધિકારી મસ્કતિ હોસ્પિટલ , એડી.સીટી ઈજનેર અને ત. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :     –૫–૧૨

પ્રતિ,

(૧) સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(હાઈડ્રોલીક/ લીંબાયતઝોન/સી.ઈ.સ્પે. સેલ), ડીન અને ત.જાહેર માહિતી અધિકારી(સ્મીમેર), પર્સોનલ ઓફિસર અને ત.જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ), એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) , ઈ.ચા.કા.ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(વર્કશોપ), ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને ત.જાહેર માહિતી  અધિકારી (આરોગ્ય વિભાગ /વેકસીનેશન/ વીબીડીસી / મસ્કતી ચેરીટેબલ હો.),ઝોનલચીફ અને ત.જાહેર માહિતી  અધિકારી (સેન્ટ્રલઝોન), ઈ.ચા. જંતુનાશક અધિકારી અને ત.મ.જાહેર માહિતી અધિકારી , ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ અને ત.જાહેર માહિતી અધિકારી(બગીચા ખાતુ) ,ડે.કમિશ્નર અને ત.જાહેર માહિતી અધિકારી(સાયન્સ સેન્ટર) , ઈ.ચા.સ્ટોર સુપ્રિ. અને ત.જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ સ્ટોર), કાર્યપાલક ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન) ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી ભારતીબેન જે. શાહ,